**Extra No. 85**

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

**PUBLISHED BY AUTHORITY**

**Vol. LXVII ]　　TUESDAY, MARCH 31, 2026 / CHAITRA 10, 1948**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

## PART IX

**Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.**

**વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૩૧મી માર્ચ, ૨૦૨૬

તારીખઃ **૩૧મી માર્ચ, ૨૦૨૬ના** ગુજરાત રાજપત્ર, (અસાધારણ)માં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા સન ૨૦૨૬ના **ગુજરાત વટહુકમ ક્રમાંકઃ ૧નો** ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

**પરિમલ જોષી,**

સરકારના આસિસ્ટન્ટ ડ્રાફ્ટસમેન.

**મહેસૂલ વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, તારીખ : ૩૧મી માર્ચ, ૨૦૨૬.

**GUJARAT ORDINANCE NO. 1 OF 2026.**

***AN ORDINANCE***

*further to amend the Gujarat Land Revenue Code, 1879.*

**સન ૨૦૨૬ નો ગુજરાત વટહુકમ ક્રમાંક : ૧.**

ગુજરાત જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯ વધુ સુધારવા બાબત વટહુકમ.

ગુજરાત રાજ્યની વિધાનસભાનું સત્ર ચાલુ નથી;

**સન ૧૮૭૯નો મુંબઈનો ૫-મો.** અને ગુજરાતના રાજ્યપાલને એવી ખાતરી થઈ છે કે ગુજરાત જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯ સુધારવા માટે તાત્કાલિક પગલું લેવાનું તેમને માટે જરૂરી બનાવે તેવા સંજોગો પ્રવર્તે છે;

તેથી, હવે, ભારતના સંવિધાનના અનુચ્છેદ ૨૧૩ના ખંડ (૧)થી તેમને મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, આથી, નીચેનો વટહુકમ કરીને પ્રસિદ્ધ કરે છેઃ-

૧. **ટૂંકી સંજ્ઞા અને આરંભ.**- (૧) આ વટહુકમ ગુજરાત જમીન મહેસૂલ (સુધારા) વટહુકમ, ૨૦૨૬ કહેવાશે.

(૨) તે તરત જ અમલમાં આવશે.

૨. **સન ૧૮૭૯નો મુંબઈનો ૫-મો અધિનિયમ હંગામી રીતે સુધારવા બાબત.**- આ વટહુકમના અમલની મુદત દરમિયાન, ગુજરાત જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯ (જેનો આમાં હવે પછી, "મુખ્ય અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે), કલમ ૩માં નિર્દિષ્ટ કરેલા સુધારાને અધીન રહીને અમલમાં રહેશે.

**સન ૧૮૭૯નો મુંબઈનો ૫-મો.** ૩. **સન ૧૮૭૯ના મુંબઈના ૫-મા અધિનિયમની કલમ ૧૩૫-ઘ-નો સુધારો.**- મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૩૫-ઘ માં, પેટા-કલમ (૨)માં, નીચેના પરંતુકો ઉમેરવા:-

"પરંતુ નીચેની શરતોની પૂર્ણતાને અધીન રહીને, રજિસ્ટર થયેલ વેચાણખતમાંથી, -

(ક) સરકારી જાહેરાતો (પ્રોમ્યુલગેશન), વૈધાનિક યોજનાઓ અથવા એકત્રીકરણની કાર્યવાહીથી ઉદ્ભવતા ફેરફારો સિવાય, વેચાણખત કર્યાની તારીખ પહેલાંની એક વર્ષ કે તેથી વધુ મુદત માટે સદરહુ જમીનના સંબંધમાં હકપત્રક (Record of Rights)માં કોઈ ફેરફાર નોંધાયેલ નથી;

(ખ) હકપત્રકમાં જે તમામ વ્યક્તિઓના નામ જણાય છે તેઓએ વેચાણખત કરેલો છે; અને

(ગ) વેચાણખત કર્યાની તારીખે, સદરહુ જમીનને લગતા કોઇ તકરાર, કાર્યવાહી અથવા કાનૂની કાર્યવાહી કોઇ સક્ષમ સત્તાધિકારી, કોર્ટ અથવા ટ્રિબ્યુનલ સમક્ષ પડતર નથી,

એવી ફેરફારની નોંધ ઉદ્ભવે ત્યારે, ફેરફારની નોંધની હકપત્રકમાં નોંધણી કરવી જોઇશે અને ઉપર જણાવ્યા પ્રમાણેની કોઇ જાણ કર્યા વિના, તે જ દિવસે તેને પ્રમાણિત કરવી જોઇશે:

વધુમાં, કોઈ સક્ષમ સત્તાધિકારીએ, કોર્ટે અથવા ટ્રિબ્યુનલે પસાર કરેલા કોઇ હુકમ અથવા હુકમનામામાંથી ફેરફારની નોંધ ઉદ્ભવે, ત્યારે ઉપર જણાવ્યા પ્રમાણેની કોઇ જાણ કર્યા વિના, હુકમ મળ્યે તરત જ આવી નોંધની નોંધણી કરવી જોઇશે અને પ્રમાણિત કરવી જોઇશે.".

## નિવેદન

હકપત્રક (Record of Rights) અથવા ફેરફારના રજિસ્ટરમાં ફેરફારની નોંધોની નોંધણી અને પ્રમાણીકરણને સંબંધિત જોગવાઈઓ, ગુજરાત જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯ની કલમ ૧૩૫-ઘ અને ગુજરાત જમીન મહેસૂલ નિયમો, ૧૯૭૨-ના નિયમ ૧૦૭ હેઠળ ઠરાવવામાં આવેલી કાર્યરીતિ દ્વારા સંચાલિત થાય છે.

વિદ્યમાન જોગવાઇઓ હેઠળ, મુકરર કરેલા અધિકારી, જાતે (મેન્યુઅલી) અથવા ઈલેક્ટ્રોનિક રીતે, ફેરફાર રજિસ્ટરમાં ફેરફારની નોંધની નોંધણી કરે છે, ત્યારે તેમણે તેમાં હિતસંબંધ ધરાવતી, હકપત્રક અથવા ફેરફારના રજિસ્ટરમાં જણાતી તમામ વ્યક્તિઓને અને ફેરફારમાં હિતસંબંધ ધરાવતા હોવાનું તેમને માનવાને કારણ હોય તેવી અન્ય કોઇ વ્યક્તિને ઠરાવેલી રીતે આવી નોંધની જાણ કરવાનું જરૂરી છે. આ સલામતી સુનિશ્ચિત કરે છે કે જમીનમાં કાયદેસર હિતસંબંધ ધરાવતી કોઇ વ્યક્તિને, ફેરફારની નોંધને આખરી પ્રમાણિત કરવામાં આવે તે પહેલા, વાંધા ઉઠાવવાની તક આપવામાં આવે.

કાયદેસરના કાનૂની હિતોનું રક્ષણ કરવા માટે આવી કાર્યરીતિ જરૂરી હોય, ત્યારે એવું જોવા મળ્યું છે કે કેટલાક કિસ્સામાં બિનજરૂરી અથવા બદઈરાદાથી વાંધા ઉઠાવવામાં આવે છે, જેના પરિણામે જમીનની કાયદેસરની લેવડદેવડ કરી હોય તેવા નાગરિકોને ટાળી શકાય તેવો વિલંબ અને પ્રતિકૂળતા થાય છે.

રાજ્ય સરકારે, રાજ્યભરમાં ઇ-ધારા ડિજિટલ લેન્ડ રેકર્ડ સિસ્ટમના અમલીકરણ સહિત જમીન રેકર્ડ વહીવટને આધુનિક બનાવવા માટે અનેક પગલાં લીધાં છે. તેમ છતાં, ફેરફારની નોંધોને સંબંધિત કાર્યરીતિને વધુ તર્કસંગત બનાવવી જરૂરી જણાય છે કે જેથી કરીને વાજબી લેવડદેવડનું સમયસર પ્રમાણીકરણ સુનિશ્ચિત કરવાના ઉદ્દેશ સાથે, કાયદેસરના કાનૂની હકોનું રક્ષણ કરવાની જરૂરિયાતને સંતુલિત કરી શકાય.

તેથી, એવું સૂચિત કરવામાં આવ્યું છે કે નિર્દિષ્ટ સલામતી પરિપૂર્ણ કરતા રજિસ્ટર્ડ વેચાણખતમાંથી ફેરફારની નોંધો ઊભી થાય તેવા કિસ્સામાં એટલે કે વેચાણખત કર્યા પહેલાના એક વર્ષ માટે હકપત્રકમાં કોઈ ફેરફાર નોંધાયો નથી, હકપત્રકમાં જેમના નામ જણાય છે તે તમામ વ્યક્તિઓએ વેચાણખત કર્યો છે, અને કોઈપણ સક્ષમ સત્તાધિકારી, કોર્ટ અથવા ટ્રિબ્યુનલ સમક્ષ જમીનને લગતી કોઇપણ તકરાર પડતર નથી - આવી ફેરફારની નોંધોની કલમ ૧૩૫-ઘ-ની પેટા-કલમ (૨) હેઠળ જાણ કર્યા વગર એ જ દિવસે નોંધણી કરી અને તેને પ્રમાણિત કરી શકાશે.

એવું પણ સૂચિત કરવામાં આવ્યું છે કે, સક્ષમ સત્તાધિકારીએ, કોર્ટે અથવા ટ્રિબ્યુનલે પસાર કરેલા હુકમો અથવા હુકમનામામાંથી ઉદભવેલી ફેરફારની નોંધોની, આવા હુકમો મળ્યેથી તરત જ નોંધણી કરી શકાશે અથવા તેને પ્રમાણિત કરી શકાશે.

વધુમાં, ગુજરાત જમીન મહેસૂલ નિયમો, ૧૯૭૨ ના નિયમ ૧૦૭ ના પેટા-નિયમ (૪-ક)ને બદલીને ફેરફારની નોંધોની અમુક નિર્દિષ્ટ વર્ગોમાં વાંધા ઉઠાવવા માટેની સમયમર્યાદાને તર્કસંગત બનાવવાનું સૂચિત કરવામાં આવ્યું છે.

આ ઉપાયોનો હેતુ, ફેરફારની પ્રક્રિયા કાયદેસર રીતે યોગ્ય હોવા સાથે કાર્યક્ષમ, પારદર્શક અને નાગરિકલક્ષી પણ રહે એ સુનિશ્ચિત કરવાનો છે.

ગુજરાત રાજ્યની વિધાનસભાનું સત્ર ચાલુ ન હોવાથી, ઉપર્યુક્ત ઉદ્દેશો સિદ્ધ કરવા માટે, ગુજરાત જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯ સુધારવા ગુજરાત જમીન મહેસૂલ (સુધારા) વટહુકમ, ૨૦૨૬ પ્રસિદ્ધ કરવામાં આવે છે.

ગાંધીનગર, **આચાર્ય દેવવ્રત,**
તારીખ: ૩૦મી માર્ચ, ૨૦૨૬. ગુજરાતના રાજ્યપાલ.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

**ડૉ. જયંતિ એસ. રવિ,**

સરકારના અધિક મુખ્ય સચિવ.

---------

Government Central Press, Gandhinagar.

Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press,
Gandhinagar
Date : 2026.04.02 02:24:15 IST